

ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક',—
એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ. —પૂજ્ય બહેનશ્રી

કહાન સંવત-૯ □ (૫૫૦) ❋ આત્મધર્મ ❋ (અંક-૨ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૫ ઓગસ્ટ ૧૯૮૯

# * આધ્યાત્મિક-પત્રો *

[ 'બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રન્થ'માંથી ]

વાંકાનેર, વિ. સં. ૧૯૯૨, ચૈત્ર સુદ ૬

......!

હે શ્રી વીતરાગ! હવે તો તમારાં ચરણકમળ સેવવાની બહુ ભાવના થઈ જાય છે.

સ્વરૂપ સિવાય કાર્મણ કોથળીના નિમિત્તે પ્રગટ થતો સમસ્ત શુભાશુભ પરભાવ તે બોજારૂપ ને ઉપાધિરૂપ છે. તેના પ્રત્યે કેટલીક વાર સહજપણે વિશેષ ઉદાસીનતા આવી જાય છે, ને તે પ્રત્યે થાક લાગી—તે પ્રવૃત્તિથી અને તે પરિણતિથી થાક લાગી—ચૈતન્યપ્રભુ તેનાથી વિશેષ ઉદાસીન થઈ સ્વસ્વરૂપમાં સહજપણે વિશેષ સ્થિત થાય છે.

અંતરંગ સ્થિતિ આવી હોવાના કારણે કેટલીક વાર બાહ્ય સંગપ્રસંગ પ્રત્યે પણ ઉદાસીનતા આવી જાય છે, ને તે બાહ્ય સંગપ્રસંગ ઉપાધિરૂપ ને બોજારૂપ લાગે છે. તેમાં પણ અપ્રશસ્ત પરિચય વિશેષે કરી અરુચિકર લાગે છે; કારણ કે તેને પોતાની આત્મસ્થિતિ સાથે મેળ નથી.

પ્રશસ્ત પરિચયમાં કેટલાક સંગપ્રસંગો પ્રવૃત્તિરૂપ લાગવાથી તે પણ ઉપાધિરૂપ ને બોજારૂપ લાગે છે. અધૂરાશને લઈને તે પ્રસંગોમાં ઊભું રહેવાય છે, પરંતુ ઉપયોગ ત્યાંથી પાછો વળે છે.

જે કાળે અસંગદશાએ એકાંતવાસમાં મુનિવરો વિચરતા હશે તે કાળને ધન્ય છે.

આ કાળે, આ ક્ષેત્રે આપણા જન્મ તે કેટલાંક સાધનોની દુર્લભતા બતાવે છે; તોપણ અસીમ ઉપકારી, અપૂર્વવાણીપ્રકાશક, અપૂર્વ એવા કહાનગુરુદેવ આ કાળે મળ્યા છે તે મહાભાગ્ય છે. તેમને કારણે આત્મસાધનાની સુલભતા છે.

જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સ્વરૂપસાધક આત્માઓનો સમાગમ થવારૂપ પરિણમશે ત્યારે તે પ્રાપ્તિ થવારૂપ યોગ બનશે.

જ્યાં પૂર્ણતા નથી ત્યાં દેવ, ગુરુ અને તેમની વાણી તરફનો પ્રશસ્તભાવ આવ્યા વગર રહે નહિ. એ જ.

લિ૦

શ્રી પરમ ઉપકારી ગુરુદેવની તથા વીતરાગદેવની

કલ્પદ્રુમ સરીખી છાંયા ઇચ્છનાર

હે ગુરુદેવ! આપનાથી દૂર રહેવાનો વિરહ સહન થતો નથી.

*

[ વધુ માટે જુઓ પાનું...૧૯ ]

કહાન સંવત-૯
વર્ષ-૪૬
અંક-૨
[૫૫૦]

વીર સંવત ૨૫૧૫
સં. ૨૦૪૫
August A.D. 1989




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-મહોત્સવ અંતર્ગત
સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ભગવતીમાતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
૭૬મી જન્મજયંતીના હર્ષોપલક્ષમાં

૭૬

## પરમાગમ-ચિંતામણિ-રત્નો

* જેમ લોકાગ્રે સિદ્ધભગવંતો અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા. ૧. (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૮)

* જેમ દર્પણમાં જે મયૂરનું પ્રતિબિંબ પડે છે તે પ્રતિબિંબ વાસ્તવિક મયૂર કહેવાતો નથી, જો તે પણ વાસ્તવિક હોય તો તે પ્રત્યક્ષ મયૂરની માફક પ્રત્યક્ષ થવો જોઈએ પરંતુ દર્પણમાં તે પ્રત્યક્ષ થતો નથી પણ માત્ર તેનું પ્રતિબિંબ જ જણાય છે; તે જ પ્રમાણે જીવાદિ નવતત્ત્વો જીવની નવ અવસ્થાઓ છે પણ તે વાસ્તવિક ત્રિકાલિક જીવસ્વરૂપ નથી. જીવાદિ નવતત્ત્વો જીવની અવસ્થાઓ છે પણ તે શુદ્ધજીવદ્રવ્ય નથી. ૨.
(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૮ નો ભાવાર્થ)

* શુદ્ધ નિશ્ચયસે દેખા જાવે તો યહ આત્મા એક હી ચૈતન્યરૂપ હૈ તથા ઇસ અખંડ પદાર્થમેં અનેક દૂસરે વિકલ્પોંકો ઉઠાનેકી જગહ હી

નહીં હૈ કિ મૈં દેવ હૂં યા નારકી હૂં—ઇત્યાદિ. ૩.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વસપ્તતિ, શ્લોક–૧૫)

* જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે—અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે—તે બધાં ચેતના રહિત અચેતન છે. ૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર–૨, શ્લોક–૪૯)

* નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ—એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈં—એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબતક અજ્ઞાન અવસ્થા રહતી હૈ, તબતક તો બંધપર્યાયકો આત્મા જાનતા હૈ કિ—મૈં મનુષ્ય હૂં, મૈં પશુ હૂં, મૈં ક્રોધી હૂં, મૈં માની હૂં, મૈં માયાવી હૂં, મૈં પુણ્યવાન–ધનવાન હૂં, મૈં નિર્ધન–દરિદ્રી હૂં, મૈં રાજા હૂં, મૈં રંક હૂં, મૈં મુનિ હૂં, મૈં શ્રાવક હૂં, ઇત્યાદિ પર્યાયોમેં આપ માનતા હૈ; ઇન પર્યાયોમેં લીન હોતા હૈ તબ મિથ્યાદૃષ્ટિ હૈ, અજ્ઞાની હૈ. ઇસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ. ૫. (શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા–૮૩)

* પ્રગટપણે સદા શિવમય (–નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (–તે નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઇન્દ્રજાળ છે. ૬. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૧૯)

* જેવી રીતે જપાપુષ્પના યોગથી સ્ફટિકમણિમાં જે લાલિમાનો પ્રતિભાસ થાય છે તે ક્ષણિક છે પણ સ્ફટિકનું સ્વરૂપ નથી, તેવી જ રીતે જીવાદિ નવતત્ત્વોમાં જે જીવનો પ્રતિભાસ થાય છે તે વાસ્તવિક નથી, પરંતુ કેવળ વ્યવહારદૃષ્ટિથી છે—શુદ્ધદૃષ્ટિથી નથી. શુદ્ધદૃષ્ટિથી તો જીવતત્ત્વ અદ્વૈતરૂપ જ છે, તેમાં આ નવ અવસ્થાઓનો પ્રતિભાસ પ્રતીત થતો નથી. ૭. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૬૯)

* જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત–એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. ૮.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૧૪ )

* જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. ૯.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક–૩૯ )

* જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ કુંભાર કદિ ઘડારૂપ થતો નથી, તેવી જ રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદી કષાયાદિરૂપ થતો નથી. ૧૦.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક ૫૭–૫૮ )

* જેવી રીતે કીચડ અને જળ બન્ને એકમેક થયેલા જેવા માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જળ તરફ જ લક્ષ્ય કરતાં કીચડ લક્ષ્યગત થતો નથી, કારણ કે વાસ્તવમાં જળ કીચડથી ભિન્ન છે, તેવી રીતે જીવ પણ નવ તત્ત્વોમાં એકમેક જેવો માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જીવ એ નવતત્ત્વોથી વાસ્તવમાં ભિન્ન છે. ૧૧. ( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૧૬૬ )

* "બંધ હો કે ન હો ( અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં ) સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ ( અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે" એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ સત્યને ), હે ભવ્ય! તું સદા જાણ. ૧૨. ( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૭૦ )

* જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ ( તેમાં ) પ્રતિષ્ઠા પામતાં નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ

કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી. ૧૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૧)

* જોકે 'શરીર-સુખ-દુઃખ-રાગ દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી; જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ ઘણાં પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. ૧૪. (શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૪૦)

* વસ્તુને ભેદરૂપ તો સર્વલોક જાણે છે-અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે. અર્થાત્ જીવને નર-નારકાદિ પર્યાય છે, રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે. એ સર્વ પર્યાયોને જ લોક જીવ માને છે. તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતના-ધર્મને ગ્રહણ કરી તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત ભેદનયને ગૌણ કર્યો, અભેદદષ્ટિમાં તે (ભેદ-નય) દેખાતો નથી તેથી અભેદનયનું દઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે-પર્યાયનય છે તે વ્યવહાર છે-અભૂતાર્થ છે-અસત્યાર્થ છે. ૧૫.

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૩૧૨ ના ભાવાર્થમાંથી)

* જેવી રીતે લોકોમાં આ તૃણાગ્નિ છે, આ કાષ્ઠાગ્નિ છે, આ છાણાંનો અગ્નિ છે અને આ પાષાણાગ્નિ છે ઇત્યાદિરૂપ અગ્નિને કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે અગ્નિ, તૃણ-કાષ્ટ-છાણું કે પત્થર આદિરૂપ થઈ જતો નથી, કારણ કે તે તેનાથી વસ્તુપણે ભિન્ન છે. તેવી જ રીતે જીવ પણ નવતત્ત્વોમાં જોવામાં આવે છે પરંતુ તે વસ્તુતઃ નવતત્ત્વરૂપ થઈ જતો નથી. ૧૬.

(શ્રી રાજમલ્લજી, શ્રી પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૭ના ભાવાર્થ)

* અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાન પર્યંત ભાવો છે તે બધાય એક પુદ્ગલની જ રચના જાણો; માટે આ ભાવો પુદ્ગલ જ હો,

આત્મા ન હો; કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે, તેથી આ વર્ણાદિકભાવોથી અન્ય જ છે. ૧૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૯)

* સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ-સમૂહોથી સર્વત: મુક્ત (–સર્વ તરફથી રહિત) છે. આમ સર્વ નયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી (અર્થાત્ ધ્યાનાવલી પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો. ૧૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૨૦)

* કોઈ પ્રશ્ન કરે કે—રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે (તો) રાગાદિને પરભાવ કેમ કહ્યાં? તેનું સમાધાન—શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ જીવના નથી. એ પણ પર છે. શાથી?–કે એ ભાવકર્મ છે. તેના નાશથી મોક્ષ છે. પર છે તો છૂટે છે. માટે તેને પર જ કહીએ છીએ. જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહિ માને (ત્યારે) ભવબંધપદ્ધતિ મટશે તેથી પર રાગાદિ છોડી, શુદ્ધ દર્શનજ્ઞાનચારિત્ર છે તેને સ્વ જાણી, ગ્રહણ કરે એ જ મોક્ષનું મૂળ છે. પરિણામ જેવા કરીએ તેવા હોય છે માટે પર તરફથી છોડી સ્વરૂપમાં લગાવતાં નિજપરિણામ છે. ૧૯.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૬૯)

* જીવદ્રવ્યનો સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા? આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય? વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં મોહ–રાગ–દ્વેષનો ઉપદ્રવ થઈને સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે, એવું પ્રગટ જ છે; જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. ૨૦.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ–૨૭૪)

* દેખો! આકાશમાં એક ચંદ્ર છે, એક તેનું નિમિત્ત પામીને પાણીની સ્વચ્છતા વિકારરૂપ ચંદ્ર છે. વળી એક લાલ રંગ છે, વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને સ્ફટિકની સ્વચ્છતા વિકારરૂપ લાલ છે. વળી એક મોરસ્કંધ છે, વળી (આ તરફ) એક તેનું નિમિત્ત પામીને આરસીની સ્વચ્છતા વિકારરૂપ મોર છે. તેવી જ રીતે ગુણસ્થાન,

માર્ગણાદિ એક પુદ્‌ગલસ્કંધરૂપ સંસાર છે, વળી એક તેનું નિમિત્ત પામીને જીવની સ્વચ્છતા, વિકારરૂપ ચેતના-સંસાર છે. ૨૧.

( શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૨૧ )

* જેમ વાસ્તવમાં પોતે જ એકરસવાળી નમકની કાંકરી નાના પ્રકારના વ્યંજનોમાં ( શાકોમાં ) મળીને પણ ભિન્નરસવાળી થઈ જતી નથી, તેવી જ રીતે જીવ, પોતે જ અદ્વૈતરૂપ હોઈને સર્વ અવસ્થાઓમાં ચિદાત્મક જ છે, તે પરદ્રવ્યના સંયોગ-વિયોગપૂર્વક થવાવાળા જીવાદિ નવતત્ત્વોમાં વિમિશ્રિત થઈને પણ અશુદ્ધ-દ્વૈતરૂપ થઈ જતો નથી. ૨૨.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૭૨ )

* આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ. ઉસકે લક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવ સંબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ ઇસલિયે અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઇસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં. ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક વિભાવપરિણામ જીવમેં હી ઉપજતે હૈં, ઇસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પર-પદાર્થ ( કર્મ ) કે સંબંધસે હૈ. ઇસલિયે પર હી સમજો. ૨૩.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૩૦ )

* જેમ અન્ય ધાતુઓના સંયોગથી સુવર્ણમાં અનેક પ્રકારના રૂપ દેખાય છે પરંતુ જો પર સંયોગથી થવાવાળી એ સુવર્ણની અવસ્થાઓ ઉપર ધ્યાન નહિ આપતાં તે સુવર્ણને જ જોવામાં આવે તો તે સુવર્ણ, શુદ્ધ સુવર્ણ જ પ્રતીત થાય છે. તેમ જ જીવ પણ વિકારના કારણથી અજીવ, આસ્રવાદિ પદાર્થોમાં અશુદ્ધરૂપથી જોવામાં આવે છે, પરંતુ જો એ વિકારની ઉપેક્ષા કરીને તેને જોવામાં આવે તો તે જીવ શુદ્ધ જ પ્રતીત થાય છે. ૨૪.

( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૫૮ નો ભાવાર્થ )

* જીવ, આદિ અવસ્થા-નિગોદથી માંડીને અંત અવસ્થા-સિદ્ધપર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે, પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે, સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન છે એમ શુદ્ધનયની અપેક્ષાએ જિન-વાણીમાં કહ્યું છે. ૨૫. ( પં. બનારસીદાસજી, નાટક સમયસાર-જીવદ્વાર, પદ-૧૧ )

* પ્રશ્નઃ—સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપે પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન—એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું? 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાંતિ, તેને મૂળથી દૂર કરે છે. દ્રષ્ટાંત કહે છે—જેમ અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ. ૨૬. (શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૬૦)

* શિષ્ય પૂછે છેઃ—રાગ, દ્વેષ આદિ કર્મજનિત છે કે જીવજનિત છે? તેનો ઉત્તરઃ—સ્ત્રી અને પુરુષ એ બંન્નેના સંયોગથી ઉત્પન્ન થતાં પુત્રની જેમ, ચૂનો અને હળદરના મિશ્રણથી ઉત્પન્ન થતાં વર્ણવિશેષની જેમ, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ એ બન્નેના સંયોગજનિત છે. નયની વિવક્ષા પ્રમાણે, વિવક્ષિત એકદેશશુદ્ધ-નિશ્ચયનયથી રાગ-દ્વેષ કર્મજનિત કહેવાય છે અને અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત કહેવાય છે. આ અશુદ્ધ-નિશ્ચયનય શુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે.

પ્રશ્નઃ—સાક્ષાત્ શુદ્ધ નિશ્ચયનયથી આ રાગ-દ્વેષ કોના છે એમ અમે પૂછીએ છીએ? ઉત્તરઃ—સાક્ષાત્ શુદ્ધ-નિશ્ચયથી, સ્ત્રી અને પુરુષના સંયોગ રહિત પુત્રની જેમ, ચૂના અને હળદરના સંયોગ રહિત રંગ વિશેષની જેમ, તેમની (રાગ-દ્વેષાદિની) ઉત્પત્તિ જ નથી, તો કઈ રીતે ઉત્તર આપીએ? ૨૭.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૮ની ટીકામાંથી)

* અજ્ઞાનીજીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું' એમ માને છે. બરાબર છે—જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો? માને જ છે. ૨૮.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૧)

* અહો! આત્માનો તે આ સહજ અદ્ભુત વૈભવ છે કે—એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને એક

તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે. ૨૯.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, શ્લોક–૨૭૩ )

* જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામા આવ્યાં છે; જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા. ૩૦.

( શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૯૪ )

* સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગુંચવણ ( કોયડો ) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો. ૩૧.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ–૪૭ )

* પરદ્રવ્યની ચિંતામાં મગ્ન રહેનાર આત્મા પરદ્રવ્ય જેવો થઈ જાય છે અને શુદ્ધ આત્માના ધ્યાનમાં મગ્ન આત્મા શીઘ્ર આત્મતત્ત્વને–પોતાના શુદ્ધ સ્વરૂપને–પ્રાપ્ત કરી લે છે. ૩૨.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર–પ્રાભૃત, જીવ-અધિકાર, ગાથા–૫૧ )

* શુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે. ૩૩.

( શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૧૮૬ )

* જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા વ્યવહારનયનું અવલંબન લઈને અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. બરાબર છે—મનુષ્ય સોનામાંથી સોનામય કડું અને લોઢામાંથી લોહમય કડું જ ઉત્પન્ન કરે છે. ૩૪.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક–૧૮ )

* હે જીવ! શુદ્ધનયથી બધા જીવો શુદ્ધ જ છે—એમ જાણીને તું ક્યારેય પણ શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાને ન છોડ; ખરેખર શુદ્ધનયનું સેવન કરનાર જીવ સદાય શુદ્ધ જ રહ્યા કરે છે. ૩૫.

( શ્રી નેમીશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૧૬ )

* અશુદ્ધ સંસારભાવમાં જીવના પરિણામ જ વ્યાપ્યવ્યાપક થયા છે.

તેથી તે પરિણામને જ નિશ્ચયથી અશુદ્ધભાવનો કર્તા કહેવામાં આવે છે. વળી નિશ્ચયથી દ્રવ્યને સંસારનો કર્તા કહેવામાં આવે તોપણ કોઈ દૂષણ નથી પણ જ્ઞાનદૃષ્ટિમાં જીવદ્રવ્યને સંસારનો અકર્તા સદા સમજીએ છીએ. ૩૬. (શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૨૪)

* આ ચૈતન્ય-આત્માનું સ્વરૂપ ખરેખર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી ભિન્ન, રાગાદિ ભાવકર્મોથી રહિત અને શરીરાદિ નોકર્મથી રહિત છે, તેને યથાર્થપણે જાણવું જોઈએ. ૩૭. (પરમાનંદસ્તોત્ર, શ્લોક-૮)

* બંધા હોવે વહ છૂટે, ઇસલિયે બંધેકો તો મોક્ષ કહના ઠીક હૈ, ઔર બંધા હી ન હો, ઉસે છૂટે કૈસે કહ સકતે હૈ? ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ, ઇસ કારણ મુક્ત કહના ઠીક નહીં હૈ. બંધ ભી વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ. શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ ન મોક્ષ હૈ ઔર અશુદ્ધનયકર બંધ હૈ, ઇસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે. યહાં યહ અભિપ્રાય હૈ કિ સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોંકો ઉપાદેય હૈ, અન્ય સબ હેય હૈં. ૩૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૬૮)

* અનેક પ્રકારના વિલાસવાળા કર્મો સાથે મારી એકતા હોવા છતાં પણ જે ઉત્કૃષ્ટ જ્યોતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ઉત્કૃષ્ટ આનંદ-સ્વરૂપ છે તે જ હું છું, તેના સિવાય હું બીજું નથી, બરાબર પણ છે– સ્ફટિકમણિમાં કાળા પદાર્થના સંબંધથી કાળાશ ઉત્પન્ન થવા છતાં પણ તે, તે મણિથી ભિન્ન જ હોય છે. કારણ એ છે કે લોકમાં જે કોઈ વિકાર થાય છે તે બે પદાર્થોના નિમિત્તે જ થાય છે. ૩૯.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૭)

* જો કોઈ અર્ધ ક્ષણ ભી પરમાત્માસે પ્રીતિ કરતા હૈ વહ સબ પાપકો ઉસી તરહ જલા દેતા હ જૈસે કાઠકે પર્વતકો આગ ભસ્મ કર દેતી હૈ. હે જીવ! સર્વ ચિંતા છોડકર તૂ નિશ્ચિત હોકર અપને ચિત્તકો પરમાત્માકે પદમેં જોડ ઔર નિરંજન શુદ્ધ આત્મારૂપી દેવકા દર્શન કર. ધ્યાન કરતે હુએ શુદ્ધાત્માકે દર્શન યા અનુભવસે જો પરમાનંદ હે ભાઈ!

तू पावेगा वह अनंत सुख परमात्मा देवको छोडकर और कहीं तीन-लोकमें नहीं मिल सकता है. ४०.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૭૭ )

* આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને-એક પંચમભાવને — જાણે છે અને દેખે છે. તે સહજ એક પંચમભાવને એણે છોડયો નથી જ અને અન્ય એવા પરભાવને કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે તેને એ ગ્રહતો નથી જ. ૪૧.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૨૯ )

* જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો—પરિણમતો ભાસે છે તે જ મોક્ષનો હેતુ છે કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે; તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે. માટે જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું ) એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે. ૪૨.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૦૫ )

* જે જીવ આત્માને નિરંતર કર્મથી બંધાયેલો દેખે છે તે કર્મથી બંધાયેલો જ રહે છે. પરંતુ જે તેને મુક્ત દેખે છે તે મુક્ત થઈ જાય છે. બરાબર છે—મુસાફર જે નગરના માર્ગે ચાલે છે તે જ નગરમાં તે પહોંચે છે. ૪૩.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૪૮ )

* अपने आत्मारूपी कमलमें रुचि या प्रीति वही कारण है, वही कार्य है, आत्मरुचिसे ही प्रतीति गाढ होती जाती है. चतुर्थ गुणस्थानमें जो आत्मरुचिरूप सम्यग्दर्शन है वही बढते बढते श्रुत-केवली मुनिको अवगाढ सम्यक्त्व हो जाता है. आत्मरुचि ही दातार है, आत्मरुचि ही पात्र है. आपसे आपको मनन करनेसे आत्माका स्वभाव पुष्ट होता जाता है. आत्माकी गाढ रुचिके समान कोई दातार नहीं है. सम्यग्दर्शन ही आत्मानंद प्रदान करता है. आत्माको पुष्ट करते करते उसको सिद्ध बना देता है. ४४.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૯૦ )

* જે મોક્ષનું કાંઈક કથનમાત્ર ( કહેવામાત્ર ) કારણ છે તેને પણ ( અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં

(-ઘણાં ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી. ૪૫. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૨૧)

* નિર્મલ સમ્યગ્દર્શન કિસી દોષકી તરફ દૃષ્ટિ નહીં રખતા હૈ, વહ સકલ દોષોંસે રહિત પરમાત્માકો શ્રદ્ધાપૂર્વક દેખતા હૈ. તીન પ્રકાર કે કર્મો પર દૃષ્ટિ નહીં રખતા હૈ. ૪૬.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૫૩)

* બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ. અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો. કારણ કે નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી (સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી). ૪૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૪૪)

* અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવા યોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે—શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. ૪૮.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૮)

* જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં-ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં-પણ તે વિવિક્ત-શુદ્ધ અને નિર્મળ-આત્માને પ્રાપ્ત થતાં નથી કે જે દોષોથી રહિત છે. ૪૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, ગાથા-૫૦)

* જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઇષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે. ૫૦.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૬૮)

* જિસકે ભીતર જ્ઞાનસ્વભાવી આત્માકા પ્રકાશ નહીં હૈ ઉસકા વ્રત કરના, તપ પાલના, ક્રિયા કરના, ઉપસર્ગ સહના નિષ્ફલ હૈ. આત્મજ્ઞાન સ્વભાવકે પ્રકાશ વિના અન્ય અનેક પ્રકાર સર્વ હી ચારિત્ર નિંદાકે યોગ્ય હૈ. ૫૧. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૨)

* પુણ્ય-પાપના કારણે સંસાર-વનમાં પ્રવેશ થાય છે, એ જોનાર જે શુદ્ધબુદ્ધિ છે તે પુણ્ય-પાપમાં ભેદ કરતાં નથી;—બંનેને સંસાર-વનમાં ભ્રમણ કરાવવાની દૃષ્ટિએ સમાન સમજે છે. ૫૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, બંધાધિકાર, ગાથા-૪૦)

* પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે. ૫૩.

(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા-૭૭)

* જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઇત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે; મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ કહેવાનો સિંહ છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. ૫૪.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૭)

* બુદ્ધિની મંદતાથી આવી આશંકા ન કરવી કે—શુભોપયોગ એકદેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે શુભોપયોગ, અશુભને લાવનાર હોવાથી તે નિર્જરાદિકનો હેતુ થઈ શકતો નથી તથા ન તો તે શુભ પણ કહી શકાય છે. ૫૫.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૬૨)

* જે રીતે ચંદનથી ઉત્પન્ન થયેલી અગ્નિ પણ અવશ્ય દઝાડે છે, તે રીતે ધર્મથી ઉત્પન્ન (પ્રાપ્ત) થયેલા ભોગ પણ અવશ્ય દુઃખો પ્રદાન કરે છે. ૫૬. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિ.-૯, ગાથા-૨૫)

* જેને રાગરેણુની કણિકા પણ હૃદયમાં જીવતી છે તે, ભલે સમસ્ત સિદ્ધાંત-સાગરનો પારંગત હોય તોપણ, નિરુપરાગ—શુદ્ધસ્વરૂપ સ્વસમયને

ખરેખર ચેતતો (-અનુભવતો) નથી. માટે, 'પીંજણને ચોંટેલ રૂ' નો ન્યાય લાગુ પડતો હોવાથી, જીવે સ્વસમયની પ્રસિદ્ધિ અર્થે અર્હંતાદિ વિષયક પણ રાગરેણુ (-અર્હંતાદિ પ્રત્યેની પણ રાગરજ) ક્રમે દૂર કરવાયોગ્ય છે. ૫૭. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૬૭)

* સઘળુંય સુકૃત (શુભકર્મ) ભોગીઓના ભોગનું મૂળ છે; પરમ-તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો એમાં શો દોષ છે? ૫૮.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૫૯)

* હે જીવ! યદિ તૂ આત્માકો નહીં જાનેગા ઔર સબ પુણ્ય હી પુણ્ય કરતા રહેગા, તો ભી તૂ સિદ્ધસુખકો નહિ પા સકતા; કિન્તુ પુનઃ પુનઃ સંસારમેં હી ભ્રમણ કરેગા. ૫૯. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૫)

* અર્હન્ત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા અને જ્ઞાનમાં જે પુરુષ અત્યંત ભક્તિ રાખે છે તેને ઘણા જ પુણ્યનો સંચય થાય છે. (પરંતુ) તે પુરુષ કર્મનો ક્ષય કરતો નથી અર્થાત્ તે પુરુષને આ કાર્યોથી શુભ ઉપભોગ ઉત્પન્ન થઈને પુણ્યાસ્રવ જ થાય છે. અર્હન્તાદિકની ભક્તિ મોક્ષને માટે કારણ થતી નથી કારણ કે આ કાર્યોથી શુદ્ધોપયોગ થતો નથી. ૬૦.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, પંચાચાર અધિકાર, ગાથા-૬૨)

* સર્વજ્ઞ વીતરાગ, જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઇત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ ઇત્યાદિ ક્રિયા તેને એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે. ૬૧.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૩)

* જે મહાનુભવ પોતાના સ્વરૂપનું ધ્યાન ન કરતાં, પંચ-પરમેષ્ઠીના સ્વરૂપનું ધ્યાન કરે છે, તેને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ તો થાય છે પરંતુ કર્મોનો ક્ષય થતો નથી. ૬૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ.-૧, ગાથા-૪૮)

* હે જિનવર! જ્યાંસુધી દેહમાં રહેલા જિનને ન જાણ્યા ત્યાંસુધી

તને નમસ્કાર કર્યા; પણ જો દેહમાં જ રહેલા જિનને જાણી લીધા તો પછી કોણ કોને નમે? ૬૩. (મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૪૭)

* પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ (–પ્રગટ) જાનો, ઇસલિયે હે ભવ્ય જીવો! તુમ ઇસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો ઔર અન્ય જો પરદ્રવ્ય ઉનસે વિરતિ કરો. ૬૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુ, ગાથા–૧૬)

* જિનેન્દ્ર ભગવાનને શુભરાગકો કહા હૈ જહાં આત્મા પરમ શુદ્ધાત્માકે સ્વરૂપમેં પ્રસન્ન હોતા હૈ. સંસારકે માર્ગસે વિરક્ત હોનેકા રાગ હોતા હૈ વ જહાં મુક્તિ પ્રાપ્તિકે જ્ઞાનકી અનુમોદનાકા રાગ હોતા હૈ. ૬૫.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક–૧૨૦)

* યથાર્થપણાની અપેક્ષાએ તો જ્ઞાનીને જ સાચી ભક્તિ છે, અજ્ઞાનીને નહિ. તથા રાગભાવની અપેક્ષાએ ભક્તિને મુક્તિનું કારણ જાણવાથી અજ્ઞાનીના શ્રદ્ધાનમાં અતિ અનુરાગ છે પણ જ્ઞાનીના શ્રદ્ધાનમાં તેને શુભબંધનું કારણ જાણવાથી તેવો અનુરાગ નથી. ૬૬.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર–૭, પાનું–૨૨૭)

* જિનેન્દ્ર ભગવાનકે કહે હુએ શુદ્ધ રત્નત્રયમઈ નિશ્ચય આત્મિક ધર્મકા રાગ કિ યહ અપના આત્મા પરમાત્મા તુલ્ય હૈ ઇસે પરમાત્મારૂપમેં કર દેના ચાહિયે. ઐસા રાગમઈ લોભ જો કિયા જાતા હૈ વહ લોભ મોક્ષગામી જીવોંકે હોતા હૈ. ૬૭. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૨૯)

* પુણ્યકર્મ છે તે સાંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી (દશલક્ષણધર્મથી) વ્યવહાર અપેક્ષાએ પુણ્યનો પણ બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન થયું, મોક્ષના જિજ્ઞાસુને તે હોય નહિ. જેમ ખેડૂત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા તે શા માટે કરે? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી. ૬૮. (શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૪૦૮, ભાવાર્થમાંથી)

* સાક્ષાત્ મોક્ષમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોકાદિના

ક્લેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને, સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડી, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુઃખસુખના કલ્લોલો ઊછળે છે અને જે કર્માગ્નિ વડે તપ્ત, કકળાટવાળા જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઉતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃત સમુદ્રને અવગાહી, શીઘ્ર નિર્વાણને પામે છે. ૬૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય–ટીકા, ગાથા–૧૭૨)

* મોહના ઉદયથી ઉત્પન્ન થયેલી મોક્ષપ્રાપ્તિની પણ અભિલાષા તે મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્ન નાખનાર બને છે, તો પછી ભલા, શાંત મોક્ષાભિલાષી જીવ બીજી કઈ વસ્તુની ઇચ્છા કરે? કોઈની પણ નહિ. ૭૦.
(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક–૫૩)

* સમ્યગ્દષ્ટિની અભિલાષા ભોગોમાં જ માત્ર નિષેધરૂપ છે એવી આશંકા પણ ન કરવી. કારણ કે સમ્યગ્દષ્ટિને ભોગાભિલાષાની માફક શુદ્ધોપલબ્ધિના સંબંધમાં પણ જે અભિલાષા થાય છે તે પણ નિષેધરૂપ છે. ૭૧. (શ્રી રાજમલજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૪૩૬)

* જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા વૈસે હી રાગભાવ યદિ મોક્ષકે નિમિત્ત ભી હો તો આસ્રવકા હી કારણ હૈ, કર્મકા બંધ હી કરતા હૈ. ઇસ કારણસે જો મોક્ષકો પરદ્રવ્યકી તરહ ઇષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ ભી અજ્ઞાની હૈ, ક્યોંકિ વહ આત્મસ્વભાવસે વિપરીત હૈ, ઉસને આત્મસ્વભાવકો નહીં જાના હૈ. ૭૨. (શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ, ગાથા–૫૫)

* નિશ્ચયદષ્ટિએ જોતાં એક શુદ્ધોપયોગ જ ઉપાદેય છે, શુભ-અશુભ સર્વ વિકલ્પો ત્યાજ્ય છે. તથાપિ તેવી તથારૂપ દશા–સંપન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ દશાની પ્રાપ્તિના લક્ષપૂર્વક પ્રશસ્ત યોગપ્રવૃત્તિ ઉપાદેય છે. અર્થાત્ શુભવચન, શુભ અંતઃકરણ અને શુભકાય-પરિસ્થિતિ આદરણીય છે, પ્રસંશનીય છે. પરંતુ મોક્ષમાર્ગનો સાક્ષાત્ વિઘાતકરૂપ અશુભોપયોગ તો સર્વથા ત્યાજ્ય છે. જો કે શુભોપયોગ મોક્ષમાર્ગમાં સાક્ષાત્ કારણ નથી તોપણ શુદ્ધોપયોગ પ્રત્યે વૃત્તિનો પ્રવાહ કોઈ અંશે

લક્ષિત થયો છે તેવા લક્ષવાન જીવને પરંપરાએ કારણરૂપ થાય છે. ૭૩.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૯)

* જેવી રીતે કોઈ પુરુષ દર્પણને દેખીને વળી (આ તરફ) પોતાના મુખનું રૂપ નિઃશંકપણે દેખે છે, તેવી રીતે પોતે સરાગી હોવા છતાં પણ વીતરાગ પ્રતિબિંબને દેખીને વળી (આ તરફ) નિશ્ચયથી તે જ વીતરાગ-સ્વરૂપ હું પોતે જ છું—એમ નિઃસંદેહપણે જાણે છે. ૭૪.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક-૧)

* જ્યાં સુધી શુદ્ધ ઉપયોગમાં જ લીન ન થઈ જવાય ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ અર્થે ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી સાધવી જોઈએ. તેણે પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ, તેમ જ ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને એકલા અપવાદના આશ્રયે કેવળ મૃદુ આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઈએ. હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન સેવાય એમ વર્તવું જોઈએ. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ અનેકાંત છે. પોતાની દશા તપાસીને જે રીતે એકંદરે લાભ થાય તે રીતે વર્તવાનો ભગવાનનો ઉપદેશ છે. પોતાની ગમે તે (સબળ કે નિર્બળ) સ્થિતિ હોય તોપણ એક જ પ્રકારે વર્તવું એવો જિનમાર્ગ નથી. ૭૫.

(શ્રી પ્રવચનસાર, ગાથા-૨૩૧ નો ભાવાર્થ)

* જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ, જિનબિંબના દર્શન ઇત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે. ૭૬. (શ્રી સમયસાર, ગાથા-૧૨ ના ભાવાર્થમાંથી)

[ આધ્યાત્મિક-પત્રો ટાઈટલ-૨ થી ચાલુ ]

( સોનગઢ, વિ. સં. ૧૯૯૩, કારતક સુદ, મંગળવાર )

.........!

જગદુદ્ધારક શ્રી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવની તબિયત સારી છે.

વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિતિ અંતરંગ આત્મવીર્ય ઊપડે છે તે પ્રકારે થયા કરે છે.

સાધકોની દશા જગતથી નિરાળી હોય છે. કોઈ કોઈ વાર સ્વરૂપમાં સહજપણે—નિર્વિકલ્પપણે ઠરી જાય છે; અને વળી બહાર આવે છે ત્યારે પણ ભેદજ્ઞાનની—જ્ઞાતાધારાની—સહજ સમાધિ પરિણમતી હોય છે. સ્વરૂપમાં લીન થાય છે ત્યારે આત્માના અચિંત્ય અનંત ગુણપરિણમનના તરંગોને વેદે છે. એમ થતાં થતાં, સાધકધારા વધતાં વધતાં મુનિપણાની દશા પ્રગટતાં, મુનિપણું આવે છે, અને ક્રમે કરી શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે, સ્વપરપ્રકાશક-સ્વભાવવાળું જ્ઞાન પૂર્ણપણે પરિણમે છે, આનંદ આદિ અનંત ગુણ પૂર્ણપણે પરિણમે છે, તે દશાને ધન્ય છે, વારંવાર ધન્ય છે.

સુખ ને આનંદ સ્વરૂપમાં છે, વિભાવ બધો દુઃખરૂપ ને ઉપાધિરૂપ છે.

ગુરુદેવના વ્યાખ્યાનમાં બપોરે સમયસાર-નાટકમાં હજુ બંધ-અધિકાર વંચાય છે. ૪૨ પદ સુધી વંચાયું છે. એ જ.

—શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને
નમસ્કાર

*

( સોનગઢ, વિ. સં. ૧૯૯૩, કારતક, શુક્રવાર )

.........!

સૂક્ષ્મ ને તીક્ષ્ણ શ્રુતશૈલીથી, ચારે પડખેથી દિવ્ય અમૃતબોધ વરસાવનાર અદ્‌ભુત ગુરુદેવનાં ચરણકમળમાં નમસ્કાર હો.

પરમ પૂજ્ય જ્ઞાનનિધિ કૃપાળુ સાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. તબિયત તદ્દન સારી છે.

પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્‌ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઈ જાય છે કે—વાહ! ગુરુદેવ વાહ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં

અર્પણ કરીએ તોપણ ઓછું છે એમ આજે ભાવના થઈ જતી હતી. અહા! સમયસારમાં કોઈ અદ્ભુત રહસ્ય ભર્યું છે. પણ જ્ઞાન ક્રમપૂર્વક ને અધૂરું હોવાથી એક સાથે પૂરા ને પ્રગટ ઉપયોગાત્મકપણે બધાં રહસ્યો જાણી શકાતાં નથી. તેથી એવી ભાવના થઈ જાય છે કે હે પ્રભુ! કોઈ એવી શક્તિ કે પરિણમન પ્રગટો કે જેથી સર્વાંશે જ્ઞાનસ્વરૂપ પોતે જ, સહજ જ્ઞાનરૂપે, પ્રગટ ઉપયોગાત્મકરૂપે, પૂર્ણાંશે પરિણમી જાય.

દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય પરિપૂર્ણ છે; પર્યાયમાં અધૂરાશ છે.

પુરુષાર્થ દ્વારા—ચૈતન્યનો જે વીર્ય ગુણ છે તે દ્વારા—સાધકપણાની શ્રેણી વધે છે ને સાધ્ય પૂરું થાય છે. પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે—તે ભેદ-અપેક્ષાની વાત છે. અભેદદૃષ્ટિએ અખંડ ગુણના પિંડસ્વરૂપ પોતે જ પરિણમીને પૂરું થાય છે. ભેદ-અભેદ વસ્તુસ્વભાવ અદ્ભુત છે!

પૂર્ણ સહજ સ્થિતિ જ જોઈએ છે.

લિ૦

શ્રી ગુરુદેવનો ચરણસેવક

*

સોનગઢ, વિ. સં. ૧૯૯૩, પોષ માસ, ગુરુવાર

.........!

જીવનાધાર. અજોડ-રત્ન ગુરુદેવનાં ચરણકમળમાં પરમભક્તિભાવે વારંવાર નમસ્કાર.

પરમ-ઉપકારી કૃપાનિધિ પૂજ્ય ગુરુસાહેબ સુખશાન્તિમાં બિરાજે છે. ગુરુદેવના વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થયા પછી 'શ્રીમદ્ રાજચંદ્ર' વંચાશે. ગુરુદેવની તબિયત સારી છે.

વિભાવપરિણતિના પ્રશસ્ત તરફના પ્રવૃત્તિયોગમાં વાંચન, વિચાર વગેરેનું પ્રવર્તન છે; અભ્યંતરમાં—નિવૃત્તિયોગમાં—સર્વ વિભાવથી જુદા એવા નિવૃત્ત સ્વરૂપમાં સહજસ્વરૂપે પરિણતિનું પ્રવર્તન છે.

બાહ્ય સંયોગોની, અસ્થિર પરિણતિમાં અસર અમુક અંશે સ્થિતિપ્રમાણે થાય છે; જ્ઞાયકની પ્રતીતિરૂપ જુદી જ્ઞાયકપરિણતિમાં અસર નથી, હોવાયોગ્ય નથી. સ્થિરપરિણતિમાં અમુક અંશે સ્વરૂપસમાધિ હોવાયોગ્ય છે, ને તેમ જ છે. એ જ.

લિ૦

આત્મસ્વરૂપની પૂર્ણતાનો ઇચ્છક

*

સોનગઢ, વિ. સં. ૧૯૯૪, પોષ વદ ૧૨, સોમવાર

........!

અલૌકિક-સંત ગુરુદેવની ચરણસેવા નિરંતર સમીપપણે હોજો—એ ભાવના છે.

પરમ-ઉપકારી જ્ઞાનદાતા પૂજ્ય ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

ગુરુદેવનાં વ્યાખ્યાનમાં 'અનુભવપ્રકાશ' ગ્રંથ પૂરો થઈ ગયો છે. બે દિવસ થયાં 'શ્રીમદ્ રાજચંદ્ર'—વર્ષ પચીશમું વંચાય છે. ઘણા વિસ્તારપૂર્વક ને સરસ રીતે વંચાય છે. સાંભળતાં ઉદાસીન થઈ જવાય છે, અભ્યંતર ઠરી જવાય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની દિવ્ય વાણી એવી અદ્ભુત ને અપૂર્વ છે કે ઉલ્લાસ આવી જાય છે, પ્રમોદ આવી જાય છે.

બીજું શું લખવું? લખવાનું કાંઈ ખાસ યાદ આવતું નથી. વારંવાર પત્ર લખતાં પ્રવૃત્તિ બહુ લાગે છે.

પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદનપરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપસ્થિરતા તે સમાધિરૂપ છે.

પ્રતીતિરૂપ એવી જ્ઞાતાની જ્ઞાતારૂપ વેદનપરિણતિમાં સ્થિરતાને વધારતો વધારતો સાધક સાધ્યરૂપે પૂરો થાય છે, પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે. દ્રવ્ય તો અનાદિ-અનંત પરિપૂર્ણ શુદ્ધતાથી ભરપૂર છે. શુદ્ધાત્મામાં સ્વરૂપરમણતા વધતાં વધતાં આત્મ-ઉપયોગ પરલક્ષથી સર્વથા છૂટીને પોતાના કૃતકૃત્ય સ્વરૂપને વ્યક્ત કરે છે. સ્વરૂપમાં આવીને, તેની સાથે એકમેક થઈને, સર્વાંશે જોડાઈ જાય છે.

આવા અદ્ભુત સ્વરૂપને પ્રાપ્ત એવા શ્રી વીતરાગદેવને ને તે વીતરાગ સ્વરૂપને વારંવાર નમસ્કાર છે.

લિ૦

શ્રી ગુરુદેવનો ચરણસેવક

*

સોનગઢ, વિ. સં. ૧૯૯૩, મહા માસ, રવિવાર

......!

અદ્વિતીય કૃપાળુ ગુરુદેવની મન-વચન-કાયાએ કરી નિરંતર સમીપપણે ચરણસેવા હોજો એ ભાવના છે.

પરમ-ઉપકારી શ્રી સદ્ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે; તબિયત સારી છે.

સ્વરૂપપરિણતિમાં યથાશક્તિ સ્વરૂપસ્થિતિ થયા કરે છે. પ્રશસ્ત યોગમાં વાંચન-વિચાર યથાશક્તિ, જે પ્રકારે વીર્યપરિણતિ ઊપડે છે તે પ્રકારે, થયા કરે છે. જ્ઞાનપરિણતિમાં કેટલુંક નવું નવું સમજાતું હોય પણ તે બધું પત્રમાં કેમ લખાય? સાધારણ લખવું હોય તો લખાય, પણ લખવા તરફ લક્ષ આવતું નથી.

જ્ઞાનપર્યાય સંપૂર્ણ પ્રગટ થઈને, પુરુષાર્થ દ્વારા એકલી સ્વ-આશ્રયરૂપે ને સાવ સહજ પરિણમશે ત્યારે ધન્ય થશે.

જ્ઞાયકની જ્ઞાતારૂપે 'અડોલ' પરિણતિ વધતાં વધતાં સર્વાંશે સૂક્ષ્મ અડોલતા પ્રાપ્ત થશે તે દિવસ ધન્ય થશે.

અહા! ધન્ય છે તે સંપૂર્ણ અડોલ પરિણતિને કે જ્યાં પરની અસર, સૂક્ષ્મ પણ, સર્વ પ્રકારે સહજ છૂટી, એકલો સાક્ષીસ્વભાવ, વીતરાગસ્વભાવ, અચિંત્ય ને અદ્ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને—તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે, કોઈ અદ્ભુતતામાં ખેલી રહ્યું છે!

પૂજ્ય ગુરુદેવના વાંચનમાં હજુ પણ 'શ્રીમદ્' જ વંચાય છે. ગુરુદેવના અપૂર્વ ન્યાયો જુદી જાતના હોય છે.

આત્મ-આધાર પૂજ્ય ગુરુદેવની તબિયતમાં હવે તો જરા પણ કાંઈ ન થાય, તદ્દન સારી રહે—એમ ઝંખના છે. —શ્રી આત્મસ્વરૂપને નમસ્કાર

*

………! સોનગઢ, વિ. સં. ૨૦૦૩

અપૂર્વમાર્ગપ્રકાશક કૃપાળુ ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

દ્રવ્યજીવન અને ભાવજીવનના આધાર, અપૂર્વ સર્વસ્વ ઉપકારી, પરમ-કૃપાળુ, અદ્ભુત ગુરુદેવ સુખશાન્તિમાં બિરાજે છે. શારીરિક પ્રકૃતિ સારી છે.

હવે તો વિભાવના બધા વિકલ્પથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે! તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત—એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે. લિ૦

નિરંતર શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ઇચ્છનાર
બહેન ચંપાનાં યથાયોગ્ય...
—શ્રી વીતરાગભાવને નમસ્કાર

# 卐 જ્ઞાયક 卐

卐

આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાય વેષ નથી, કોઈ પર્યાય અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ' છે એવી એક પણ પર્યાય–અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આત્માએ તો એક જ્ઞાયકભાવનો જ વેષ પરમાર્થે ધારણ કર્યો છે. આત્માને તો કાયમી એક જ્ઞાયકભાવનો જ વેષ છે. કાયમી એકરૂપે જ્ઞાયકપણાનો જ આત્માએ વેષ ધારણ કર્યો છે. જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી. સંવર–નિર્જરા ને મોક્ષ તો પર્યાયવેષ છે. આત્માને તો પરમાર્થે જ્ઞાયકપણાનો જ વેષ છે ને જ્ઞાયકભાવને પર્યાયવેષ પરમાર્થે નથી. સંવર–નિર્જરા ને મોક્ષ એ પર્યાયવેષ પણ જ્ઞાયકને નથી.

ધ્રુવ તત્ત્વ છે પણ હલચલની પર્યાયથી ભિન્ન છે. એવા જ્ઞાયકભાવને કોઈ પર્યાયનો વેષ તો નથી પણ કોઈ પર્યાયની અપેક્ષા પણ નથી. જ્ઞાયકતત્ત્વમાં સંવર-નિર્જરા–મોક્ષની પર્યાયનો વેષ પણ નહીં ને પર્યાયની અપેક્ષા પણ નથી—એવી ચીજ છે. સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયકતત્ત્વ છે તેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી, કે તેની અપેક્ષા પણ નથી.

જ્ઞાયક વસ્તુ વસ્તુ વસ્તુ છે તેને અતીન્દ્રિય આનંદની પર્યાયનો વેષ નથી ને અતીન્દ્રિય આનંદની પર્યાયની અપેક્ષા પણ નથી. પ્રભુ! એકવાર સાંભળને! તારા જ્ઞાયકની પ્રભુતામાં અવસ્થાનો ભેખ–વેષ નથી. તું મહાપ્રભુ છે, જ્ઞાયક મહાપ્રભુ છે કે જેમાં પર્યાયનો વેષ નથી ને પર્યાયની અપેક્ષા નથી, એવું નિર્લેપ તત્ત્વ છો. અસ્તિ મોજુદગી એકરૂપ રહેનારું જે તત્ત્વ છે તેને પર્યાયની અપેક્ષા કેમ હોય?

પૂર્ણતા–અપૂર્ણતા તો પર્યાયમાં જાય છે, વસ્તુ તો એકરૂપ ત્રિકાળી છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે કે જેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી કે અપેક્ષા પણ નથી.

મલિન પર્યાય તો હું નથી પણ નિર્મળ પર્યાય પણ હું નથી. હું તો ત્રિકાળ જ્ઞાયક છું. દ્રવ્યતત્ત્વ ને પર્યાયતત્ત્વ ભિન્ન ભિન્ન છે. કેવળજ્ઞાનની પર્યાય ને ત્રિકાળી દ્રવ્ય ભિન્ન ભિન્ન તત્ત્વ છે. જે કદી ઝાંખી થતી નથી ને વૃદ્ધિ પામતી નથી એવા જીવતી જાગતી જ્યોતિ અંદર બિરાજે છે, તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી. મુનિદશા, ત્રણ કષાયનો અભાવ, વીતરાગી પર્યાય, પ્રચુર સ્વસંવેદનરૂપ દશા એ જ્ઞાયકતત્ત્વમાં નથી. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં આવતી નથી ને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધ્રુવ. જ્ઞાયક ધ્રુવ એકરૂપ ત્રિકાળ તેમાં મુનિદશા નથી–નિશ્ચય મોક્ષમાર્ગ નથી. દ્રવ્યમાં મુનિપણું કેમ હોય? નિશ્ચય મોક્ષમાર્ગ અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ તો પર્યાય છે, જ્ઞાયકતત્ત્વમાં પર્યાયનો વેષ ન હોય.

કેવળજ્ઞાનની પર્યાય છે તે આત્માને નથી. એકરૂપ અખંડ વસ્તુને કેવળજ્ઞાનની પર્યાયનો વેષ નથી. અહીં પ્રયોજન જ્ઞાયકની દૃષ્ટિ કરવાનું છે. પર્યાય દૃષ્ટિ છોડાવી જ્ઞાયકની દૃષ્ટિ કરાવવી છે. જ્ઞાયકતત્ત્વને દ્રવ્યવેષ છે પણ પર્યાયવેષ નથી. કાયમી હલચલ વિનાની સ્થિર એકરૂપ વસ્તુ છે. જેમાં કેવળજ્ઞાનની પર્યાય નથી એવી ચીજ તું છો. વિકારના કે અવિકારના ગમે તેટલા ભેખ ધારણ કરે પણ એ પર્યાયનો ભેખ છે. વસ્તુમાં એ ભેખ નથી.

પ્રભુ! તું રાગનો ભેખ ધારણ કરે તોપણ એ તારી ચીજમા નથી ને મુનિપણા-રૂપ ભેખ ધારણ કરે–મોક્ષમાર્ગની દશા પ્રગટ કરી હોય તોપણ એ તારી ચીજમાં નથી. પ્રભુ! તારી જે ચીજ છે અખંડ જ્ઞાયક તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયકને નથી. પર્યાય વ્યવહારનયનો વિષય છે ને દ્રવ્ય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. બન્ને વિષય ભિન્ન ભિન્ન છે. સિદ્ધની પર્યાય જ્ઞાયકભાવમાં નથી, એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ એ એની સ્થિતિ છે, એ એનું રૂપ છે એનો કોઈ પર્યાયનો વેષ નથી તે સમ્યગ્દર્શનનો વિષય છે. દ્રવ્યલિંગ, નગ્નપણું કે યતિના બાહ્ય ધર્મ ચિહ્નો જ્ઞાયકમાં છે જ નહીં એમ અલિંગ-ગ્રહણમાં આવે છે. સમ્યગ્દર્શનનો જે વિષય છે તેને કોઈ પર્યાયનો વેષ નથી ને કોઈ પર્યાયની અપેક્ષા નથી.

સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ જ્ઞાયકને—સમ્યગ્દર્શનના વિષયરૂપ જ્ઞાયકને પર્યાયનો વેષ નથી કે પર્યાયની અપેક્ષા નથી. મુનિ ભાવલિંગપણું એ પણ પર્યાયનો ભેખ છે. આત્મામાં એ ભેખ નથી. પરમાત્મપ્રકાશની ૮૮મી ગાથામાં કહ્યું છે કે ધર્મી એમ માને છે કે મારા જ્ઞાયકભાવમાં કોઈ લિંગ નગ્નપણું પંચમહાવ્રત આદિ તો નથી પણ ભાવલિંગપણું —કે જે વીતરાગ નિર્વિકલ્પ દશા છે તે પણ જ્ઞાયકભાવમાં નથી, કેમકે એ પર્યાય છે,

મુનિનું ભાવલિંગ જે મોક્ષનો માર્ગ છે, વીતરાગી શાંતિરૂપ ભાવલિંગ કે જે મોક્ષનું સાધક છે, તેને ઉપચારથી ત્રિકાળી જ્ઞાયકભાવનું કહેવામાં આવે છે તો પણ ખરેખર એ દશા જ્ઞાયકભાવમાં નથી, ધ્રુવ નિત્યાનંદ પ્રભુને સિદ્ધની પર્યાયનો પણ ભેખ નથી.

આત્મા મુનિ છે ને કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયકભાવને નથી. સ્વપરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી, ભાવલિંગ-પણાની અપેક્ષા કે જે અતીન્દ્રિ આનંદના પ્રચુર સ્વસંવેદનરૂપ વૈભવ છે એની અપેક્ષા જ્ઞાયકભાવમાં નથી. સ્વપરપ્રકાશક ત્રિકાળી શક્તિ જ્ઞાયકની કહેવાય પણ સ્વપરપ્રકાશક-પણારૂપ કાર્ય છે એ તો પર્યાય છે, તે જ્ઞાયકભાવમાં નથી.

મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાય પર્યાય તરીકે ભલે હો પણ જ્ઞાયકભાવમાં એ નથી. નિયમસાર ગાથા ૩૮માં એમ કહ્યું કે પર્યાય વિનાની જ્ઞાયક ચીજ તે આત્મા છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે ને ભગવાન ત્રિકાળી જ્ઞાયક અવિનાશી છે અને તે ત્રિકાળી જ્ઞાયકભાવને નિશ્ચય આત્મા કહ્યો છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે કે ભગવાન આત્મા બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી ને બંધ–મોક્ષના માર્ગને પણ કરતો નથી. એકરૂપ સદશ ત્રિકાળી છે તેને નિશ્ચય આત્મા કહ્યો છે ને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

બંધ–મોક્ષ ને તેના માર્ગની પર્યાય છે તે નાશવાન છે તેથી ત્રિકાળીને નિશ્ચય આત્મા કહ્યો છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે તેને દ્રવ્ય કરતું નથી કે તે પર્યાય દ્રવ્યમાં નથી. અહીં પણ બેનના બોલમાં છે કે મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ એ તો પર્યાય છે, એ તો ક્ષણિક છે ને ધ્રુવ જ્ઞાયક છે તે ત્રિકાળી છે; એવું જે એકરૂપ સદશ ધ્રુવ છે કે જેમાં દ્રવ્યલિંગ, ભાવલિંગ, કેવળજ્ઞાન કે સિદ્ધપણું નથી તેને નિશ્ચય આત્મા કહે છે.

જ્ઞાયકભાવ છે તે અપરિણામી ત્રિકાળી ચીજ છે, હલચલ વિનાની ધ્રુવ એકરૂપ ચીજ છે તે આશ્રય કરવા લાયક ચીજ છે. સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ સદાય ધ્રુવ ઉપર રહે છે, જે પર્યાય કે વિકલ્પની દૃષ્ટિ થાય, તેનો આશ્રય કરે તો તે મિથ્યાદષ્ટિ છે.

જાણવું એ તો પરિણમન છે ને વસ્તુ એ તો અપરિણામી ત્રિકાળી છે. ચૌદ ગુણસ્થાન જ્ઞાયકભાવમાં નથી. પર્યાય પર્યાયમાં છે ખરી હો, બન્ને વિષય–પર્યાય અને જ્ઞાયકભાવ છે ખરા પણ પર્યાય પર્યાયને કરે, જ્ઞાયકભાવ પર્યાયને કરતું નથી. કેવળ-જ્ઞાનનો પર્યાય પોતાના ષટ્કારકથી થાય છે તેને દ્રવ્યની અપેક્ષા નથી.

સિદ્ધ ને મુનિપણાના માર્ગનો પણ જેમાં અભાવ છે એવા જ્ઞાયકની દૃષ્ટિ કર, જ્ઞાયક એકરૂપ છે ત્યાં નજરબંધી કર. નજરને ધ્રુવ ઉપર લે ત્યારે તે નજરને સમ્યગ્દર્શન કહેવાય. એ સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, આદિ બધું કરે પણ તે ફલેપ છે. —૦—

## દ્રવ્યનું અવલંબન લેતાં શુદ્ધ પર્યાય પ્રગટે જ

'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. ૧૦૦.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

'હું અનાદિ-અનંત મુક્ત છું'—મુક્તદશા તો સાદિ અનંત છે અને પ્રભુ છે તે અનાદિ-અનંત છે. એવા અનાદિ-અનંત મુક્ત શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે. જેમાં પર્યાયનું પલટવું પણ નથી એવા શુદ્ધ આત્મદ્રવ્યની દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે. દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાય આવવી હોય તો આવે. મારી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ છે ને દ્રવ્ય તો મુક્ત જ છે તેના ઉપર દૃષ્ટિ દેતા પર્યાયમાં મુક્તિ થશે થશે ને થશે જ. હું તો ત્રિકાળી અનાદિ અનંત આનંદકંદ છું, સિદ્ધ પર્યાય પણ આવવી હોય તો આવે, અમારે તેની પરવાહ નથી, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં દ્રવ્યની આગળ અમારે સિદ્ધ પર્યાયની પણ પરવાહ નથી. એ રીતે દ્રવ્ય પ્રત્યે આલંબન ને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં મુક્તિ આવે, આવે ને આવે જ. ધ્રુવના જોર આગળ મુક્તિની પર્યાય પણ આવવી હોય તો આવે—એમ ઉપેક્ષાવૃત્તિ થતાં મુક્તિની પર્યાય આવશે જ. વૃક્ષના મૂળને પકડયું તેને ફળ-ફૂલ તો આવશે જ. તેમ જેણે ભગવાન આત્માને પકડયો તેને મુક્તિનું ફળ આવશે જ, આવે જ. ગમે તે પર્યાય હો, ક્ષાયિક સમકિતની પર્યાય હો પણ પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે—એવી પર્યાયની મર્યાદા છે. જો સ્વાભાવિક શુદ્ધ પર્યાય ન પ્રગટે, સાધકભાવ પ્રગટ થયો ને સિદ્ધપણું ન આવે તો દ્રવ્યનો નાશ થાય;—સિદ્ધપણું પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ.

# ધર્મી તો બધાને સિદ્ધપણે જ દેખે છે

અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગ-દ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

અમે બધાને સિદ્ધસ્વરૂપે જ દેખીયે છીએ. જેની પર્યાયબુદ્ધિ ગઈ ને આત્મા દૃષ્ટિમાં આવ્યો તેને બધા આત્મા સિદ્ધ સ્વરૂપે જ દેખાય છે. જેને રાગની રુચિ છૂટીને પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિમાં ભેટી ગયો તે સર્વને ભગવાન સ્વરૂપે જ દેખે છે. અમે તો બધાને ચૈતન્યસ્વરૂપે જ દેખીયે છીએ. કેમ કે પોતાનો આત્મા ચૈતન્યસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું તો એ દૃષ્ટિએ સર્વ આત્મા ચૈતન્યસ્વરૂપે જ દેખીયે છીએ.

શ્રી જયસેનાચાર્યની ટીકામાં બંધ અધિકાર પછી અને બીજે પણ એમ લીધું છે કે સર્વ જીવો મન–વચન–કાયા રહિત, રાગ રહિત છે–એમ સમકિતી ભાવના ભાવે છે. હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ છું, નિર્વિકલ્પ છું, શુદ્ધ છું તથા પરિપૂર્ણ ગુણોથી ભરિત–અવસ્થ હું છું ને ત્રણ લોકમાં ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયથી હું આવો છું ને સર્વ જીવો પણ આવા છે. મને કોઈ અલ્પ દેખાતો નથી–એમ સમ્યગ્દૃષ્ટિ સર્વ જીવોને દેખે છે. સમકિતી એમ દેખે છે કે હું તો શુદ્ધ નિશ્ચયનયથી આવો છું પણ સર્વ જીવો આવા છે.

અહીં કહે છે કે અમે તો સર્વ જીવોને સિદ્ધ સ્વરૂપે જ દેખીયે છીએ. એક સમયની પર્યાયમાં સંસાર છે, વસ્તુમાં સંસાર છે નહીં. અમે તો સર્વને સિદ્ધસ્વરૂપે જ દેખીયે છીએ. અમે તો સર્વને ચૈતન્યસ્વરૂપે જ દેખીયે છીએ, શરીરવાળો કે કર્મવાળો આત્મા દેખતા નથી. અમે તો બધાને ચૈતન્ય જ દેખીયે છીએ. અમે કોઈને રાગ-દ્વેષવાળા દેખતા નથી. દ્રવ્યસ્વભાવમાં રાગાદિ નથી, દ્રવ્યસ્વભાવ તો પરિપૂર્ણ પ્રભુ છે. તે જીવ પોતાને ભલે ગમે તે માનતો હોય પણ જેને અંદર ચૈતન્યપ્રકાશ થયો છે, વિકલ્પથી ભિન્ન થઈને નિર્વિકલ્પ થયો તે સર્વને ચૈતન્ય જ દેખે છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૩૦ ]

# આત્મસ્વભાવ કદી રાગરૂપે ન થાય

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી. તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી]

જેમ સ્વભાવથી નિર્મળ સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય છે. પર
એ સ્ફટિકની પર્યાયની યોગ્યતા છે કે લાલ-કાળા રંગે દેખાય છે. લાલ-કાળા ફૂલના સંયોગ
પર્યાયની યોગ્યતાથી પર્યાયમાં લાલ-કાળી ઝાંય દેખાય છે તોપણ સ્ફટિકની અંદર લા
કાળાશ નથી, સ્ફટિક રંગાઈ ગયો નથી પણ સ્ફટિકની નિર્મળ પર્યાયની યોગ્યતાને લઈ
પર્યાયમાં લાલ-કાળી ઝાંય દેખાય છે અને તોપણ સ્ફટિક પોતે લાલ-કાળા રંગે રંગ
ગયો નથી.

તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ વિકલ્પની જ
દેખાય પણ એ તો પર્યાયમાં છે, વસ્તુમાં એ વિકારીભાવો નથી. આત્મા વીતરાગસ્વ
છે તેથી સમ્યગ્દર્શન થતાં વીતરાગભાવનો એક અંશ આવે છે. અરે! અજોગનો અ
પણ ચોથે ગુણસ્થાને પ્રગટે છે કે જે અજોગ ચૌદમે ગુણસ્થાને પૂરણ હોય છે. કેમ
સર્વગુણાંશ તે સમકિત છે. અનંત ગુણો અંશે પ્રગટે તે સમકિત છે. પ્રભુની સન્મુખ જ
ને પર્યાય ને રાગની વિમુખ જતાં અનંતા અનંતા ગુણોનો અંશ પર્યાયમાં પ્રગટ વ્યક્ત
અનુભવમાં ચોથે ગુણસ્થાને આવે છે.

સ્ફટિકની પર્યાયમાં લાલ-પીળી ઝાંય દેખાય છે તે ફૂલના લઈને નથી પણ સ્ફટિ
પર્યાયની યોગ્યતાને લઈને છે. લોખંડ એક છેડે ગરમ કરો તો બીજા છેડા સુધી ઉ
થઈ જાય અને દીવાસળી એક છેડે સળગે ને બીજે છેડે ઉષ્ણ થતી નથી—કેમ

પોતપોતાની યોગ્યતાથી તેમ થાય છે, અગ્નિના લઈને લોખંડ કે દીવાસળી ઉષ્ણ થતાં જ નથી. તેમ સ્ફટિકમાં દેખાતી ઝાંય તેની પર્યાયની યોગ્યતાથી છે અને તોપણ સ્ફટિક રંગાઈ ગયો નથી. તેમ આત્મામાં ક્રોધાદિ દેખાય તે તેની પર્યાયમાં છે, ભગવાન આત્માના તળમાં રાગાદિ છે જ નહીં. ક્રોધ-માન આદિ દેખાય છે તે પર્યાયમાં દેખાય છે, વસ્તુમાં તેઓ નથી. વસ્તુ તો અતીન્દ્રિય સર્વાંગ જ્ઞાનથી ભરેલી, અતીન્દ્રિય આનંદથી ભરપૂર પ્રભુ છે. તેની પર્યાયમાં ક્રોધાદિ દેખાય છે તે કર્મથી થતા નથી પણ પર્યાયની પોતાની યોગ્યતાથી થયા છે અને તે પણ વસ્તુમાં તો છે જ નહીં.

આહાહા! કર્મ જુદા, વિકારી પર્યાય દેખાય તે જુદી અને સ્ફટિક જેવી નિર્મળ આત્મવસ્તુ જુદી! પર્યાયમાં ક્રોધ-માન આદિ દેખાય છે તોપણ વાસ્તવમાં આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. દ્રવ્ય કદી રાગરૂપે થતું નથી. દ્રવ્ય કદી સંસારના કોઈ ભાવરૂપે થતું નથી. ક્રોધ-માન આદિ દેખાય છે તેનાથી વસ્તુસ્વભાવ ભિન્ન છે.

ખરેખર તો જેને આત્મસ્વભાવની રુચિ નથી ને તે સિવાય સૂક્ષ્મ રાગના પ્રત્યે પણ રુચિ છે તેને સ્વરૂપ પ્રત્યે અરુચિ છે. પોતાના આત્મા પ્રત્યે તેને પ્રેમ નથી, અરુચિ છે.

અહીં કહે છે કે વસ્તુસ્વભાવમાં મલિનતા છે જ નહીં, સંસાર પર્યાયમાં છે. સંસાર બાહ્યમાં-સ્ત્રી-પુત્ર-પૈસામાં નથી તેમ સંસાર દ્રવ્યમાં નથી, સંસાર તો તેની પર્યાયમાં છે. અંતર સ્વરૂપ આનંદના નાથમાંથી ખસીને રાગાદિમાં આવી ગયો છે તે સંસાર છે અને તે સંસારનો નાશ કરવાનો છે, કાંઈ સ્ત્રી-પુત્ર-પૈસાનો ત્યાગ કરવો એ સંસાર છોડયો છે એમ નથી. સ્વરૂપમાં જઈને સ્વરૂપમાં એકાગ્રતા કરે તો મલિનતા-સંસાર છૂટી જાય છે. એ સિવાય કોઈ ઉપાય નથી.

દૃષ્ટાંત આપે છે કે જેમ પરમાણુ છે તે પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો થતો નથી; કેમ કે એ પરમાણુનો સ્વભાવ છે. જો પરમાણુમાં સ્પર્શાદિનો અભાવ થઈ જાય તો દ્રવ્યનો-પરમાણુનો નાશ થઈ જાય. તેમ ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શન આદિથી ભરેલો છે તે પલટીને કદી વિકારરૂપે ન થાય. જેમ પરમાણુ વર્ણાદિરૂપે અનાદિ-અનંત છે, તેના વિનાનો કદી હોતો નથી, તેમ ભગવાન આત્મા જ્ઞાન-દર્શનરૂપે અનાદિ-અનંત છે, તેનાથી રહિત કદી થતો નથી એટલે કે ભગવાન આત્મા પલટીને રાગાદિરૂપે કદી થતો નથી. પર્યાયમાં રાગાદિ છે ખરા પણ એ પર્યાયની યોગ્યતાથી છે, પરંતુ પ્રભુ છે તે તો વિકાર રહિત છે. જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા પલટીને રાગાદિરૂપે કદી થતો નથી.

આહાહા! જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા પલટીને વસ્તુસ્વભાવ બદલતો નથી. વસ્તુ રાગાદિરૂપે થતી નથી. એવી વસ્તુની શ્રદ્ધા ને

દૃષ્ટિ કરવાની વાત છે. ચૈતન્ય ઝળહળ જ્યોતિ પલટીને શું રાગ થઈ જાય? શું જડ થઈ જાય?—એમ કહીને પરથી એકત્વ તોડાવ્યું છે. ભગવાન આત્મા ત્રિકાળી છે, અનાદિ અનંત છે ને વિકાર એક સમયની ક્ષણિક પર્યાય છે. તેથી જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત થતો નથી તેમ ભગવાન આત્મા નિગોદમાં ચાલ્યો જાય તો પણ વસ્તુસ્વભાવ બદલતો નથી, રાગાદિરૂપ થતો નથી.

આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. સ્વભાવ ને વિકાર તદ્દન ભિન્ન છે. રાગ કરતાં કરતાં અંદર જવાશે એમ છે જ નહીં, કેમ કે દુઃખ વેદતાં વેદતાં આનંદમાં જવાશે તેના જેવી એ વાત છે. પ્રભુ! તારામાં આનંદ ભર્યો છે ને નાથ! તારામાં પર્યાયમાં જે રાગ દેખાય છે તે તો ક્ષણિક છે. તારા સ્વભાવમાં દૃષ્ટિ પડે ત્યાં એ રાગનો નાશ થઈ જશે એવી મહાચીજ તું છો. માટે અંદરમાં વાસ્તવિક પ્રવેશ કર.

જેમ પરમાણુ પલટીને વર્ણાદિ રહિત ન થાય, તેમ અનંત ચતુષ્ટયથી ભરપૂર આત્મા બદલીને તેનાથી રહિત ત્રણ કાળમાં થતો નથી, એમાં વાસ્તવિક પ્રવેશ કર પ્રભુ! ભલે પર્યાયમાં અનાદિથી વિકાર દેખાય પણ તેની મુદ્દત તો એક સમયની છે ને તારી મુદ્દત ત્રણ કાળની છે માટે તારો મહિમા લાવીને તેમાં પ્રવેશ કર. કષાય તો ઉપર ઉપર છે અંદર તો અનંત અનંત શક્તિનું દળ પડ્યું છે, માલ ભર્યો છે, તેમાં પ્રવેશ કર, એ ચીજની દૃષ્ટિ કર.

ગમે તેવા નિગોદ આદિના ભાવ કર્યા છતાં દ્રવ્ય તો પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ જ છે, તેમાં વાસ્તવિક પ્રવેશ કર તો પરથી પૃથકતા થાય.

[ધર્મી તો બધાને સિદ્ધપણે જ દેખે છે........પાનું ૨૭ થી ચાલુ]

શ્રી સમયસારમાં તો ત્યાં સુધી કહ્યું કે હું જ્ઞાયક છું,—હું શુદ્ધ છું એવો વિકલ્પ રાગ છે, તે રાગને છોડી દે, જ્ઞાયકમાં વિકલ્પ છે નહીં. અહીં કહે છે કે જેને ચૈતન્યસ્વરૂપ અનુભવમાં આવ્યો તે સર્વને ચૈતન્યસ્વરૂપ દેખે છે, સર્વે ભગવાન છે, પરમાત્મા છે, પરમેશ્વર છે; પર્યાયમાં ભૂલ છે તેનું તે જાણે, તે તેને નુકશાન છે; અમે તો બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ.

—o—

## સૂચના :—

દશલક્ષણીપર્યુષણપર્વ માટે જે મુમુક્ષુમંડળોને સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ઇચ્છા હોય તે મંડળોએ 'શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ૩૬૪૨૫૦' ને પત્રથી જાણ કરવી. વ્યક્તિગત પત્ર ન લખવો.

(તા. ૧૮-૮-૮૯)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ —ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' (સત્તરમીવારના) તેમ જ સાંજે 'શ્રી કળશટીકા' (૧૯૬૭ના) ઉપર અધ્યાત્મરહસ્યસભર ટેપ-પ્રવચન, બપોરે શાસ્ત્ર-પ્રવચન અને ત્યાર બાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર. બહેનો દ્વારા મહિલા શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ-અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* તા. ૩૦-૭-૮૯ થી તા. ૧૮-૮-૮૯ સુધી ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૩૦-૭-૮૯ થી સારી રીતે ચાલી રહ્યો છે. શિક્ષણવર્ગનો લાભ લેવા ગુજરાતી તેમ જ હિન્દી ભાઈઓ દિન પ્રતિ દિન આવી રહ્યા છે. ઉત્તમવર્ગમાં સવારે શ્રી સમયસાર-કર્તાકર્મ અધિકાર તેમ જ સાંજે શ્રી પ્રવચનસાર જ્ઞેય-અધિકાર ઉપર અને મધ્યમવર્ગમાં સવારે શ્રી જૈનસિદ્ધાંતપ્રશ્નોત્તરમાળા તેમ જ સાંજે છહાળા ઉપર શિક્ષણ આપવામાં આવે છે.

* તા. ૨૩-૭-૮૯ રવિવારના રોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૬ મી જન્મજયંતીની નિમંત્રણપત્રિકાની મંગલ લેખનવિધિનો સમારોહ આનંદોલ્લાસપૂર્વક પૂર્ણ થયો હતો. નિમંત્રણપત્રિકા મુમુક્ષુ સમાજને મોકલી આપવામાં આવી છે.

* તા. ૫-૯-૮૯ થી તા. ૧૪-૯-૮૯ સુધી શ્રી દશલક્ષણ પર્યુષણપર્વ દશલક્ષણ-મંડલ-વિધાનપૂજા તેમ જ અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્યની ઉપાસના પૂર્વક ઉજવવામાં આવશે. તા. ૧૬-૯-૮૯ ના રોજ ઉત્તમ ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવશે.

—*—

## ✻ અનાદિની વિભાવની કર્તાબુદ્ધિ હવે તો છોડ ! ✻

વિભાવને હું કરું છું—એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર. વીતરાગ દશા પ્રાપ્ત કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન...ચેતન....ચેતનદેવનાં દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે.

—પૂજ્ય બહેનશ્રી, દૃષ્ટિનાં નિધાન

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : જ્ઞાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/– પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 3 'Licensed to
post without prepayment'

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012